# સરખામણી

## (૧)

## ગર્ભહરણઘટના

### મહાવીર

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં બ્રાહ્મણકુણ્ડ નામનું ગામ હતું. ત્યાં વસતા ઋષભદત્ત નામના બ્રાહ્મણની દેવાનન્દા નામની સ્ત્રીના ગર્ભમાં નન્દન-મુનિનો જીવ દશમા દેવલોકમાંથી ચ્યુત થઈ અવતર્યો. ત્યાશીમે દિવસે ઇન્દ્રની આજ્ઞાથી તેના સેનાધિપતિ નૈગમેષી દેવે એ ગર્ભને ક્ષત્રિયકુણ્ડ નામના ગામના નિવાસી સિદ્ધાર્થ ક્ષત્રિયની ધર્મપત્ની ત્રિશલા રાણીના ગર્ભમાં બદલી તે રાણીના પુત્રરૂપ ગર્ભને દેવાનન્દાની કુક્ષિમાં સ્થાપ્યો. તે વખતે તે દેવે એ બન્ને માતાઓને સ્વશક્તિથી ખાસ નિદ્રાવશ કરી બેભાન જેવાં કર્યાં હતાં. નવ માસ પૂરા થતાં ત્રિશલાની કુક્ષિથી પુત્રરૂપે જન્મ પામેલ તે જીવ એ જ ભગવાન મહાવીર. ગર્ભહરણ કરાવ્યા પહેલાં એની સૂચના ઇન્દ્રને તેના આસનકમ્પથી મળી. આસનકમ્પના કારણનો ઇન્દ્રે વિચાર કર્યો ત્યારે તેને જણાયું કે તીર્થંકર માત્ર શુદ્ધ અને ઉચ્ચ ક્ષત્રિયકુળમાં જ જન્મ લઈ શકે, તેથી તુચ્છ, ભિક્ષુ અને નીચ એવા બ્રાહ્મણકુળમાં મહાવીરના જીવનું અવતરવું યોગ્ય નથી. એમ વિચારી તેણે પોતાના કલ્પ પ્રમાણે પોતાના અનુચર દેવ દ્વારા યોગ્ય

### કૃષ્ણ

અસુરોનો ઉપદ્રવ મટાડવા દેવોની પ્રાર્થનાથી અવતાર લેવાનું નક્કી કરી વિષ્ણુએ યોગમાયા નામની પોતાની શક્તિને બોલાવી. પછી તેને સંબોધી વિષ્ણુએ કહ્યું કે તું જા અને દેવકીના ગર્ભમાં જે મારો શેષ અંશ આવેલો છે તેને ત્યાંથી સંકર્ષણ (હરણ) કરી વસુદેવની જ બીજી સ્ત્રી રોહિણીના ગર્ભમાં દાખલ કર. જે પછી બળભદ્ર રામરૂપે અવતાર લેશે અને તું નન્દપત્ની યશોદાને ત્યાં પુત્રીરૂપે અવતાર પામીશ. જ્યારે હું દેવકીના આઠમા ગર્ભરૂપે અવતાર લઈ જન્મીશ ત્યારે તારો પણ યશોદાને ત્યાં જન્મ થશે. સમકાળ જન્મેલ આપણા બન્નેનું એક બીજાને ત્યાં પરિવર્તન થશે. વિષ્ણુની આજ્ઞા શિરોધાર્ય કરી તે યોગમાયા શક્તિએ દેવકીને યોગનિદ્રાવશ કરી સાતમે મહિને તેની કુક્ષિમાંથી શેષ ગર્ભનું રોહિણીની કુક્ષિમાં સંહરણ કર્યું. આ ગર્ભસંહરણ કરાવવાનો વિષ્ણુનો હેતુ એ હતો કે કંસ, જે દેવકીથી જન્મ પામતા બાળકોની ગણતરી કરતો હતો અને આઠમા બાળકને પોતાનો પૂર્ણ વૈરી માની તેના નાશ માટે તત્પર હતો, તેને એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગર્ભપરિવર્તન કરાવી કર્તવ્યપાલન કર્યું. મહાવીરના જીવે પૂર્વભવમાં બહુ લાંબાકાળ પહેલાં કુળમદ કરી જે નીચગોત્રકર્મ ઉપાર્જન કર્યું હતું તેના અનિવાર્ય વિપાકરૂપે નીચ કે તુચ્છ લેખાતા બ્રાહ્મણકુળમાં થોડા વખત માટે પણ તેમને અવતરવું પડ્યું. ભગવાનના જન્મ વખતે વિવિધ દેવદેવીઓએ અમૃત, ગન્ધ, પુષ્પ, સોનારૂપાદિની વૃષ્ટિ કરી. જન્મ પછી ભગવાનને સ્નાત્ર માટે જ્યારે ઇન્દ્ર મેરુ ઉપર લઈ ગયો ત્યારે તેણે ત્રિશલામાતાને અવસ્વાપિની નિદ્રા મૂકી બેભાન કર્યાં.

—ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, પર્વ ૧૦, સર્ગ ૨ જો. પૃ. ૧૬–૧૯.

ગણતરીમાં થાપ ખવડાવવી. જ્યારે કૃષ્ણનો જન્મ થયો ત્યારે દેવ વગેરે બધાએ પુષ્પ આદિની વૃષ્ટિ કરી ઉત્સવ ઊજવ્યો. જન્મ થયા પછી વસુદેવ તત્કાળ જન્મેલ બાળક કૃષ્ણને ઉપાડી યશોદાને ત્યાં પહોંચાડવા લઈ ગયા ત્યારે દ્વારપાળો અને બીજા રક્ષક લોકો યોગમાયાની શક્તિથી નિદ્રાવશ થઈ અચેત થઈ ગયા.

—ભાગવત, દશમ સ્કન્ધ, અ૦ ૨, શ્લો. ૧–૧૩ તથા અ૦ ૩, શ્લો. ૪૬–૫૦.

## (૨)

## પર્વતકમ્પન

જ્યારે દેવદેવીઓ મહાવીરને જન્માભિષેક કરવા સુમેરુપર્વત ઉપર લઈ ગયા ત્યારે દેવદેવીઓને પોતાની શક્તિનો પરિચય આપવા અને તેમની શંકા નિવારવા એ તત્કાળ પ્રસૂત બાળકે માત્ર પગના અંગૂઠાથી દબાવી લાખ યોજનના સુમેરુપર્વતને કંપાવ્યો.

—ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, પર્વ ૧૦, સર્ગ ૨ જો, પૃ. ૧૯.

ઇન્દ્રે કરેલા ઉપદ્રવોથી વ્રજવાસીઓને રક્ષણ આપવા તરુણ કૃષ્ણે યોજનપ્રમાણ ગોવર્ધન પર્વતને સાત દિવસ લગી ઊંચકી તોળ્યો.

—ભાગવત, દશમ સ્કન્ધ, અ૦ ૪૩, શ્લો૦ ૨૬–૨૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૩ )

## બાળક્રીડા

(૧) લગભગ આઠેક વર્ષની ઉંમરે વીર જ્યારે બાળ રાજપુત્રો સાથે રમતા હતા ત્યારે તેમના પરાક્રમની સ્વર્ગમાં ઇન્દ્રે કરેલી પ્રશંસા સાંભળી ત્યાંનો એક મત્સરી દેવ ભગવાનના પરાક્રમની પરીક્ષા કરવા આવ્યો. એણે પહેલાં એક વિકરાળ સર્પનું રૂપ ધારણ કર્યું. એ જોઈ બીજા રાજપુત્રો તો ડરી ભાગી ગયા, પણ કુમાર મહાવીરે જરાય ન ડરતાં એ સાપને દોરડીની પેઠે ઉઠાવી માત્ર દૂર ફેંકી દીધો.

–ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, પર્વ ૧૦, સર્ગ ૨ જો, પૃ. ૨૧.

(૧) કૃષ્ણ જ્યારે બીજા ગોવાળ બાળકો સાથે રમતા ત્યારે તેમના શત્રુ કંસે મારવા મોકલેલ અઘ નામનો અસુર એક યોજન જેટલું સર્પરૂપ ધારણ કરી માર્ગ વચ્ચે પડ્યો અને કૃષ્ણ સુધ્ધાં બધાં બાળકોને ગળી ગયો. આ જોઈ કૃષ્ણે એ સર્પના ગળાને એવી રીતે રૂંધી નાખ્યું કે જેથી તે સર્પ અઘાસુરનું મસ્તક ફાટી શ્વાસ નીકળી ગયો અને મરી ગયો. તેના મુખમાંથી બધા બાળકો સકુશળ બહાર આવ્યા. આ જાણી કંસ નિરાશ થયો અને દેવો તથા ગોવાળો પ્રસન્ન થયા.

–ભાગવત, દશમ સ્કન્ધ, અ૦ ૧૨, શ્લો. ૧૨–૩૫, પૃ. ૮૩૮.

(૨) ફરી એ જ દેવે મહાવીરને ચલિત કરવા બીજો માર્ગ લીધો : જ્યારે બધા બાળકો અરસપરસ ઘોડો થઈ એકબીજાને વહન કરવાની રમત રમતા હતા ત્યારે એ દેવ બાળકરૂપ ધરી મહાવીરનો ઘોડો થયો અને પછી તેણે દૈવી શક્તિથી પહાડ જેવું વિકરાળ રૂપ સર્જ્યું, છતાં મહાવીર એથી જરાય ન ડર્યાં અને તે ઘોડારૂપે થઈ રમવા આવેલ દેવને માત્ર

(૨) એકબીજાને અરસપરસ ઘોડા બનાવી ચડવાની રમત જ્યારે ગોવાળ બાળકો સાથે કૃષ્ણ અને બળભદ્ર રમતા હતા ત્યારે કંસે મોકલેલ પ્રલમ્બ નામનો અસુર તે રમતમાં દાખલ થયો. તે કૃષ્ણ અને બળભદ્રને ઉપાડી જવા ઇચ્છતો હતો. એણે બળભદ્રના ઘોડા બની તેમને દૂર લઈ જઈ એક પ્રચંડ અને ભયાનક રૂપ પ્રગટ કર્યું. બળ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુઠ્ઠી મારી નમાવી દીધો. છેવટે એ પરીક્ષક મત્સરી દેવ ભગવાનના પરાક્રમથી પ્રસન્ન થઈ તેમને નમી પોતાને રસ્તે ચાલતો થયો.

—ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, પર્વ ૧૦, સર્ગ ૨ જો, પૃ. ૨૧–૨૨.

ભદ્દે છેવટે ન ડરતાં સખત મુષ્ટિપ્રહારથી એ વિકરાળ અસુરને લોહી વમતો કરી ઠાર કર્યો અને અન્તે બધા સકુશળ પાછા ફર્યા.

—ભાગવત, દશમ સ્કન્ધ, અ૦ ૨૦, શ્લો. ૧૮–૩૦, પૃ. ૮૬૮.

## (૪)

## સાત્વિક અવસ્થા

(૧) એક વાર દીર્ઘતપસ્વી વર્ધમાન ધ્યાનમાં સ્થિર હતા. તે વખતે શૂલપાણિ નામના યક્ષે પ્રથમ એ તપસ્વીને હાથીરૂપ ધરી ત્રાસ આપ્યો, પણ જ્યારે એમાં એ નિષ્ફળ ગયો ત્યારે એક અજબ સર્પનું રૂપ ધરી એણે એ તપસ્વીને ભરડો દીધો અને મર્મસ્થાનોમાં અસહ્ય વેદના ઉત્પન્ન કરી. આ બધું છતાં એ અચળ તપસ્વી જરા પણ ક્ષોભ ન પામ્યા ત્યારે એ યક્ષનો રોષ શમી ગયો, અને એણે પોતાના અપકૃત્યનો પસ્તાવો કરી છેવટે ભગવાનની માફી માગી અને તેમનો ભક્ત થયો.

—ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, પર્વ ૧૦, સર્ગ ૩ જો, પૃ. ૩૨–૩૩.

(૧) એક કાલિય નામનો નાગ યમુનાના જળને ઝેરી કરી મૂકતો. એ ઉપદ્રવ શમાવવા કૃષ્ણે જ્યાં કાલિય નાગ વસતો ત્યાં ભૂસકો માર્યો. કાલિય નાગે આ સાહસી ને પરાક્રમી બાળકનો સામનો કર્યો, એને ભરડો દીધો. મર્મસ્થાનોમાં ડંખ માર્યો અને પોતાની અનેક ફણાઓથી કૃષ્ણને સતાવવા પ્રયત્ન કર્યો, પણ એ દુર્દાન્ત ચપળ બાળકે એ નાગને ત્રાહિ ત્રાહિ પોકરાવી અને છેવટે તેની ફણાઓ ઉપર નૃત્ય કર્યું. તેથી એ નાગ પોતાનો રોષ શમાવી ત્યાંથી તેજસ્વી કૃષ્ણની આજ્ઞા પ્રમાણે ચાલતો થયો, અને સમુદ્રમાં જઈને વસ્યો.

—ભાગવત, દશમ સ્કન્ધ, અ૦ ૧૬, શ્લો. ૩–૩૦, પૃ. ૮૫૮–૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) દીર્ઘતપસ્વી એક વાર વિચરતા વિચરતા રસ્તામાં ગોવાળ બાળકોની ના છતાં જાણી જોઈ એક એવા સ્થાનમાં ધ્યાન ધરી ઊભા રહ્યા હતા કે જ્યાં પૂર્વ-જન્મના મુનિપદ વખતે ક્રોધ કરી મરી જવાથી સર્પરૂપે જન્મી એક દૃષ્ટિવિષ ચણ્ડકૌશિક સાપ રહેતો અને પોતાના ઝેરથી સૌને ભસ્મસાત્ કરતો. એ સાપે એ તપસ્વીને પણ પોતાના દૃષ્ટિવિષથી દાહવા પ્રયત્ન કર્યો. એમાં નિષ્ફળ જતાં એણે અનેક ડંખો માર્યા. એમાં પણ જ્યારે નિષ્ફળ ગયો ત્યારે ચણ્ડકૌશિક* સર્પનો રોષ કાંઈક શમ્યો અને એ તપસ્વીનું સૌમ્યરૂપ નિહાળી ચિત્તવૃત્તિ ઠરતાં જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. અન્તે ધર્મ આરાધી દેવલોકમાં ગયો.*

—ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, પર્વ ૧૦, સર્ગ ૩ જો, પૃ. ૩૮–૪૦.

(૨) એક વાર વનમાં નદીકિનારે નન્દ વગેરે બધા ગોપો સૂતા હતા. તે વખતે એક પ્રચણ્ડ અજગર આવ્યો કે જે વિદ્યાધરના પૂર્વજન્મમાં પોતાના રૂપના અભિમાનથી મુનિનો શાપ મળતાં અભિમાનના પરિણામ-રૂપે સર્પની આ નીચ યોનિમાં જન્મ્યો હતો. તેણે નન્દનો પગ ગ્રસ્યો. બીજા બધા ગોવાળ બાળકોનો સર્પના મુખમાંથી એ પગ છોડાવવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો ત્યારે છેવટે કૃષ્ણે આવી પોતાના ચરણથી એ સર્પને સ્પર્શ કર્યો. સ્પર્શ થતાં વેંત એ સર્પ પોતાનું રૂપ છોડી મૂળ વિદ્યાધરના સુંદર રૂપમાં ફેરવાઈ ગયો. ભક્તવત્સલ કૃષ્ણના ચરણસ્પર્શથી ઉદ્ધાર પામેલ એ સુદર્શન નામનો વિદ્યાધર કૃષ્ણની સ્તુતિ કરી વિદ્યાધરલોકમાં સ્વસ્થાને ગયો.

—ભાગવત, દશમ સ્કન્ધ, અ૦ ૩૪, શ્લો. ૫–૧૫, પૃ. ૯૧૭–૧૮.

---

* આવી જ એક વાત બુદ્ધ વિશે જાતકનિદાનમાં છે. ઉરુવેલામાં બુદ્ધ એક વાર ઉરુવેલકાશ્યપ નામના પાંચસો શિષ્યવાળા જટિલની અગ્નિશાળામાં રાતવાસો રહ્યા, જ્યાં એક ઉગ્ર આશીવિષ પ્રચંડ સર્પ રહેતો. બુદ્ધે તે સર્પને જરા પણ ઈજા પહોંચાડ્યા સિવાય નિસ્તેજ કરી નાખવા ધ્યાન-સમાધિ આદરી. સર્પે પણ પોતાનું તેજ પ્રગટાવ્યું. છેવટે બુદ્ધના તેજે સર્પતેજનો પરાભવ કર્યો. સવારે બુદ્ધે એ જટિલને પોતે નિસ્તેજ કરેલ સર્પ બતાવ્યો. એ જોઈ એ જટિલ શિષ્યો સાથે બુદ્ધનો ભક્ત થયો. આમ ઋદ્ધિપાદ કે બુદ્ધનું પ્રાતિહાર્ય-અતિશય વર્ણવેલ છે.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

(૩) દીર્ઘતપસ્વી એક વાર ગંગા પાર કરતાં હોડકામાં બેસી સામે કિનારે જતા હતા. તે વખતે હોડકામાં બેઠેલ એ તપસ્વીને જાણી પૂર્વજન્મના વૈરી સુદંષ્ટ્ર નામના દેવે એ હોડકાને ઉલટાવી નાખવા પ્રબળ પવન સર્જ્યો અને ગંગા તેમ જ હોડકાંને હાલકલોલ કરી મૂકયાં. એ તપસ્વી તો માત્ર શાન્ત અને ધ્યાનસ્થ હતા, પરંતુ બીજા બે સેવક દેવોએ, આ બનાવની જાણ થતાં જ, આવી પેલા ઉપસર્ગકારક દેવને હરાવી નસાડી મૂકયો અને એ રીતે પ્રચંડ પવનનો ઉપસર્ગ શમી જતાં એ હોડકામાં ભગવાન સાથે બેઠેલા બીજા યાત્રીઓ પણ સકુશળ પોતપોતાને સ્થાને ગયા.

–ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, પર્વ ૧૦, સર્ગ ૩ જો, પૃ૦ ૪૧–૨.

(૩) એક વાર કૃષ્ણના નાશ માટે કંસે તૃણાસુર નામના અસુરને વ્રજમાં મોકલ્યો. એ પ્રચંડ આંધી અને પવનને રૂપે આવ્યો. કૃષ્ણને ઉડાડી ઊંચે લઈ ગયો, પણ એ પરાક્રમી બાળકે તે અસુરનું ગળું એવું દબાવ્યું કે જેને લીધે તેની આંખો નીકળી ગઈ અને અંતે પ્રાણહીન થઈ મરી ગયો અને કુમાર કૃષ્ણ સકુશળ વ્રજમાં ઊતરી આવ્યા.

ભાગવત, દશમ સ્કન્ધ અ૦ ૧૧, શ્લો. ૨૪–૩૦.

(૪) એક વાર દીર્ઘતપસ્વી એક વૃક્ષ નીચે ધ્યાનસ્થ હતા. ત્યાં પાસે વનમાં કોઈએ સળગાવેલ અગ્નિ ધીરે ધીરે ફેલાતાં એ તપસ્વીના પગને આવી અડકયો. સાથે જે સહચર તરીકે ગોશાળક હતો તે તો એ અગ્નિનો ઉપદ્રવ જોઈ નાસી ગયો, પણ એ

(૪) એક વાર યમુનાના કિનારે વ્રજમાં અચાનક આગ લાગી. તે ભયાનક આગથી બધા વ્રજવાસીઓ ગભરાયા, પણ કુમાર કૃષ્ણે એથી ન ગભરાતાં અગ્નિપાન કરી એ આગને શમાવી દીધી.

–ભાગવત, દશમ સ્કન્ધ, અ૦ ૧૭, શ્લો. ૨૧–૨૫, પૃ. ૮૬૬–૬૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીર્ઘતપસ્વી તો ધ્યાનસ્થ તેમ જ સ્થિર જ રહ્યા અને અગ્નિનો ઉપદ્રવ સ્વયં શમી ગયો.
—ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, પર્વ ૧૦, સર્ગ ૩ જો, પૃ૦ ૫૩.

(૫) એક વાર દીર્ઘતપસ્વી ધ્યાનમાં હતા તે વખતે તેમની એક વારની પૂર્વજન્મની અવમાનિત પત્ની અને હમણાં વ્યન્તરીરૂપે વર્તમાન કટપૂતના ( દિગમ્બર જિનસેનકૃત 'હરિવંશપુરાણ' પ્રમાણે કુપુતના. સર્ગ ૩૫, શ્લો. ૪૨, પૃ. ૩૬૭ ) આવી. અત્યન્ત ટાઢ હોવા છતાં એ વૈરિણી વ્યન્તરીએ દીર્ઘતપસ્વી ઉપર ખૂબ જલબિન્દુઓ ખંખેર્યાં અને પજવવા પ્રયત્ન કર્યો. કટપૂતનાના ઉગ્ર પરિષહથી એ તપસ્વી જ્યારે ધ્યાનચલિત ન થયા ત્યારે છેવટે તે વ્યન્તરી શાન્ત થઈ અને પગમાં પડી, એ તપસ્વીને પૂજી ચાલી ગઈ.
—ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત, પર્વ ૧૦, સર્ગ ૩ જો, પૃ. ૫૮.

(૫) કંસે કૃષ્ણના નાશ માટે મોકલેલી પૂતના રાક્ષસી વ્રજમાં આવી. એણે એ બાળ કૃષ્ણને વિષમય સ્તનપાન કરાવ્યું, પણ કૃષ્ણે એ કોયડો કળી લીધો અને તેનું સ્તન્યપાન એવી ઉગ્રતાથી કર્યું કે જેને લીધે તે પૂતના પીડિત થઈ ફાટી પડી અને મરી ગઈ.
—ભાગવત, દશમ સ્કન્ધ, અ૦ ૬, શ્લો. ૧–૯, પૃ૦ ૮૧૪.

(૬) દીર્ઘતપસ્વીના ઉગ્ર તપની ઇન્દ્રે કરેલી પ્રશંસા સાંભળી, તે ન સહાતાં, એક સંગમ નામનો દેવ પરીક્ષા કરવા આવ્યો. તેણે અનેક પરિષહો એ તપસ્વીને આપ્યા. તેમાં એક વાર તેણે

(૬) એક વાર મથુરામાં મલ્લક્રીડાનો પ્રસંગ યોજી કંસે તરુણ કૃષ્ણને આમન્ત્રણ આપ્યું અને કુવલયાપીડ હાથી દ્વારા એનું કાસળ કાઢી નાખવાની યોજના કરી, પરંતુ ચકોર કૃષ્ણે એ કંસ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉન્મત્ત હાથી અને હાથણીનું રૂપ ધરી એ તપસ્વીને દન્તૂ શળવતી ઊંચે ઉછાળી નીચે પટક્યા. એમાં નિષ્ફળ જતાં તેણે ભયાનક વંટોળિયો સર્જી એ તપસ્વીને ઉડાડ્યા. એ પ્રતિકૂળ પરિષહોથી એ તપસ્વી જ્યારે ધ્યાનચલિત ન થયા ત્યારે તે સંગમે અનેક સુંદર સ્ત્રીઓ સર્જી. તેમણે હાવભાવ, ગીત, નૃત્ય, વાદન દ્વારા તપસ્વીને ચલાવવા યત્ન કર્યો, પરંતુ જ્યારે એમાં પણ તે ન ફાવ્યો ત્યારે તે છેવટે તપસ્વીને નમ્યો અને ભક્ત થઈ, પૂજન કરી પાછો ચાલતો થયો.

–ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, પર્વ ૧૦, સર્ગ ૪થો, પૃ. ૬૭–૭૨

યોજિત કુવલયાપીડને મર્દી મારી નાખ્યો.

ભાગવત, દશમ સ્કન્ધ અ૦ ૪૩, શ્લો. ૧–૨૫ પૃ. ૯૪૭–૯૪૮

જ્યાં કોઈ પ્રસંગ આવે છે ત્યાં આજુબાજુ રહેતી અને વસતી ગોપીઓ એકઠી થઈ જાય છે, રાસ રમે છે અને રસિક કૃષ્ણ સાથે ક્રીડા કરે છે. એ રસિયો પણ એમાં તન્મય થઈ પૂરો ભાગ લે છે અને ભક્ત ગોપીજનોની રસવૃત્તિ વિશેષ ઉદ્દીપ્ત કરે છે.

ભાગવત, દશમ સ્કન્ધ, અ૦ ૩૦, શ્લો. ૧–૪૦, પૃ. ૯૦૪–૭.

## દૃષ્ટિબિન્દુઓ

### ૧. સંસ્કૃતિભેદ

ઉપર જે થોડીક ઘટનાઓ નમૂના રૂપે આપી છે તે આર્યાવર્તની સંસ્કૃતિના બે પ્રસિદ્ધ અવતારી પુરુષોનાં જીવનમાંની છે. તેમાંથી એક તો જૈન સમ્પ્રદાયના પ્રાણરૂપ દીર્ઘતપસ્વી મહાવીર અને બીજા વૈદિક સમ્પ્રદાયના તેજોરૂપ યોગીશ્વર કૃષ્ણ છે. એ ઘટનાઓ વાસ્તવિક બની હોય કે અર્ધ કલ્પિત હોય કે તદ્દન કલ્પિત હોય એ વિચાર થોડીવાર બાજુએ મૂકી અહીં એ વિચારવું પ્રાપ્ત થાય છે કે ઉક્ત બન્ને પુરુષોનાં જીવનની ઘટનાઓનું ખોખું એકજેવું હોવા છતાં તેના આત્મામાં જે અત્યન્ત ભેદ દેખાય છે તે કયા તત્ત્વ, કયા સિદ્ધાન્ત અને કયા દૃષ્ટિબિન્દુને આભારી છે? ઉક્ત ઘટનાઓને સહેજ પણ ધ્યાનપૂર્વક તપાસનાર વાચકના મનમાં એ છાપ તો તરત પડશે કે એક પ્રકારની ઘટનાઓમાં તપ, સહિષ્ણુતા અને અહિંસા ધર્મ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરવરે છે; જ્યારે બીજા પ્રકારની ઘટનાઓમાં શત્રુશાસન, યુદ્ધકૌશલ અને દુષ્ટદમનકર્મનું કૌશલ તરવરે છે. આ ભેદ જૈન અને વૈદિક સંસ્કૃતિના મૌલિક તત્ત્વભેદને આભારી છે. જૈન સંસ્કૃતિનું મૂળ તત્ત્વ કે મૂળ સિદ્ધાંત અહિંસા છે. અહિંસાને સંપૂર્ણપણે સાધનાર અથવા તો તેની પરકાષ્ઠાએ પહોંચનાર જે હોય તે જ તે સંસ્કૃતિમાં અવતાર બને છે અને અવતારરૂપે પૂજાય છે, જ્યારે વૈદિક સંસ્કૃતિમાં એમ નથી. તેમાં જે લોકસંગ્રહ પૂર્ણપણે કરે, સામાજિક નિયમન રાખવા માટે સ્વમાન્ય સામાજિક નિયમોને અનુસારે, શિષ્ટનું પાલન અને દુષ્ટનું દમન ગમે તે ભોગે કરે તે જ અવતાર બને છે અને અવતારરૂપે પૂજાય છે. તત્ત્વનો આ ભેદ નાનોસૂનો નથી, કારણ કે એકમાં ગમે તેવા ઉશ્કેરણીના અને હિંસાના પ્રસંગો પ્રાપ્ત થવા છતાં પૂર્ણ અહિંસક રહેવાનું હોય છે; જ્યારે બીજીમાં અંતઃકરણવૃત્તિ તટસ્થ અને સમ હોવા છતાં વિકટ પ્રસંગ ઉપસ્થિત થતાં જાન ઉપર ખેલી અન્યાયકર્તાને પ્રાણદણ્ડસુધ્ધાં આપી હિંસા દ્વારા પણ અન્યાયનો પ્રતિકાર કરવાનો હોય છે. જ્યારે આ બન્ને સંસ્કૃતિનાં મૂળ તત્ત્વ અને મૂળ ભાવવાનો જ ભેદ છે ત્યારે તે બન્ને સંસ્કૃતિના પ્રતિનિધિ મનાતા અવતારી પુરુષોનાં જીવનની ઘટના એ તત્ત્વભેદ પ્રમાણે યોજાય તે જેમ સ્વાભાવિક છે તેમ માનસશાસ્ત્રની દૃષ્ટિએ પણ યોગ્ય છે. આમ હોવાથી આપણે એક જ જાતની ઘટનાઓ ઉક્ત બન્ને પુરુષોનાં જીવનમાં ભિન્નભિન્ન સ્વરૂપમાં યોજાયેલી વાંચીએ છીએ.

અધર્મ કે અન્યાયનો પ્રતિકાર અને ધર્મ કે ન્યાયની પ્રતિષ્ઠા એ તો કોઈપણ મહાન પુરુષનું લક્ષણ હોય જ છે; એના સિવાય કોઈ મહાન તરીકે પૂજા પણ પામી શકે નહિ, છતાં એની રીતમાં ફેર હોય છે. એક પુરુષ ગમે તે અને ગમે તેવા અધર્મ કે અન્યાયને પૂર્ણ બળથી બુદ્ધિપૂર્વક તેમ જ ઉદારતાપૂર્વક સહન કરી તે અધર્મ કે અન્યાય કરનાર વ્યક્તિનું અન્તઃકરણ પોતાના તપદ્વારા બદલી તેના અન્તઃકરણમાં ધર્મ અને ન્યાયનું રાજ્ય સ્થાપવા પ્રયત્ન કરે છે; જ્યારે બીજો પુરુષ, વ્યક્તિગત રીતે ધર્મસ્થાપનની એ પદ્ધતિ ઇષ્ટ હોય તોપણ લોકસમૂહની દૃષ્ટિએ એ પદ્ધતિને વિશેષ ફળદાયક ન સમજતાં, બીજી જ પદ્ધતિ સ્વીકારે છે. તે અધર્મ કે અન્યાય કરનારનું ચિત્ત, માત્ર સહન કરીને કે ખમી ખાઈને નથી બદલતો, પણ તે તો 'ઝેરની દવા ઝેર' એ નીતિ સ્વીકારી અથવા તો 'શઠ પ્રત્યે શઠ' થવાની નીતિ સ્વીકારી તે અધર્મ અને અન્યાય કરનારનું કાસળ જ કાઢી નાખી લોકોમાં ધર્મ અને ન્યાયની સ્થાપના કરવામાં માને છે. આ યુગમાં પણ આ વિચારસરણીનો ભેદ સ્પષ્ટ રીતે ગાંધીજી અને લોકમાન્યની વિચાર તથા કાર્યશૈલીમાં જોઈ શકીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં કાંઈ પણ ગેરસમજૂતી ન થાય તે માટે ઉક્ત બન્ને સંસ્કૃતિ પરત્વે થોડું વિશેષ જણાવી દેવું યોગ્ય છે. કોઈ એમ ન ધારે કે મૂળમાં આ બન્ને સંસ્કૃતિઓ પ્રથમથી જ જુદી હતી અને તદ્દન જુદી રીતે પોષાયેલ છે. ખરી વાત એ છે કે એક અખંડ આર્યસંસ્કૃતિના આ બન્ને અંશો જૂના છે. અહિંસા કે આધ્યાત્મિક સંસ્કૃતિનો વિકાસ થતાં થતાં એક સમય એવો આવ્યો કે તેને અમુક પુરુષોએ પરાકાષ્ઠા સુધી પોતાના જીવનમાં ઉતારી. આને લીધે આ પુરુષોના સિદ્ધાન્ત અને જીવનમહિમા તરફ અમુક લોકસમૂહ ઢળ્યો, જે ધીરે ધીરે એક સમાજરૂપે ગોઠવાઈ ગયો અને સમ્પ્રદાયની ભાવનાને લીધે તથા બીજાં કારણોને લીધે જાણે એ અહિંસક સમાજ જુદો જ હોય એમ તેને પોતાને અને બીજાઓને જણાવા લાગ્યું. બીજી બાજુ સામાન્ય પ્રજામાં જે સમાજ-નિયામક અથવા તો લોકસંગ્રહવાળી સંસ્કૃતિ પ્રથમથી જ ચાલુ હતી તે ચાલી આવતી અને પોતાનું કામ કર્યે જતી. જ્યારે જ્યારે કોઈએ અહિંસાના સિદ્ધાન્ત ઉપર અત્યન્ત ભાર આપ્યો ત્યારે આ બીજી લોકસંગ્રહ-સંસ્કૃતિએ ઘણી વાર તેને અપનાવ્યો, છતાં તેની આત્યન્તિકતાને કારણે તેનો વિરોધ ચાલુ રાખ્યો અને એ રીતે એ સંસ્કૃતિનો અનુયાયીવર્ગ, જાણે પ્રથમથી જ જુદો હોય તેમ—એ પોતાને માનવા અને બીજાઓને મનાવવા લાગ્યો. જૈન સંસ્કૃતિમાં અહિંસાનું જે સ્થાન છે તે જ સ્થાન વૈદિક સંસ્કૃતિમાં પણ છે. ફેર એટલો છે કે વૈદિક સંસ્કૃતિ અહિંસાના તત્ત્વને વ્યક્તિગત રીતે પૂર્ણ આધ્યાત્મિકતાનું સાધન માની તેનો ઉપયોગ વ્યક્તિ પરત્વે જ બતાવે છે અને સમષ્ટિની દૃષ્ટિએ અહિંસાના તત્ત્વને પરિમિત કરી દઈ એ તત્ત્વ માન્ય છતાં સમષ્ટિમાં જીવનવ્યવહાર તથા આપત્તિના પ્રસંગોમાં હિંસાને અપવાદ તરીકે નહિ પણ અનિવાર્ય ઉત્સર્ગ તરીકે માને છે અને વર્ણવે છે. તેથી આપણે વૈદિક સાહિત્યમાં જોઈએ છીએ કે એમાં ઉપનિષદ અને યોગદર્શન જેવાં અત્યન્ત તપ અને અહિંસાના સમર્થક ગ્રન્થો છે અને સાથે સાથે 'शाठ्यं कुर्यात् शठं प्रति' એ ભાવનાના સમર્થક તથા જીવનવ્યવહારને કેમ ચલાવવો એ બતાવનાર પૌરાણિક અને સ્મૃતિગ્રન્થો પણ સરખી જ રીતે પ્રતિષ્ઠા પામેલ છે. અહિંસા-સંસ્કૃતિનો ઉપાસક જ્યારે એક આખો વર્ગ જ સ્થપાઈ ગયો અને તે સમાજરૂપે ગોઠવાઈ ગયો ત્યારે તેને પણ અમુક અંશે હિંસાત્મક પ્રવૃત્તિ સિવાય જીવવું અને પોતાનું તન્ત્ર ચલાવવું તો શક્ય ન જ હતું; કારણ કે, કોઈ પણ નાના કે મોટા સમગ્ર સમાજમાં પૂર્ણ અહિંસાનું પાલન શક્ય જ નથી. તેથી જૈન સમાજના ઇતિહાસમાં પણ આપણે પ્રવૃત્તિનાં વિધાનો તથા પ્રસંગવિશેષમાં ત્યાગી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભિક્ષુના હાથે પણ થયેલ હિંસાપ્રધાન યુદ્ધો જોઈએ છીએ. આ બધું છતાં જૈન સંસ્કૃતિનું વૈદિક સંસ્કૃતિથી તદ્દન ભિન્ન લક્ષણ કાયમ રહ્યું છે, અને તે એ કે તે સંસ્કૃતિ કોઈ પણ જાતની વ્યક્તિગત કે સમષ્ટિગત હિંસા-માત્રને નિર્બળતાનું ચિહ્ન માને છે અને તેથી તેવી પ્રવૃત્તિને તે છેવટે પ્રાયશ્ચિત્તને યોગ્ય માને છે; જ્યારે વૈદિક સંસ્કૃતિ વ્યક્તિગત રીતે અહિંસા તત્ત્વની બાબતમાં જૈન સંસ્કૃતિ પ્રમાણે માન્યતા ધરાવતી હોવા છતાં સમષ્ટિની દૃષ્ટિએ સ્પષ્ટ ઘોષણા કરે છે કે હિંસા એ માત્ર નિર્બળતાનું ચિહ્ન છે એમ નથી, પણ વિશેષ અવસ્થામાં તો એ ઊલટું બળવાનનું ચિહ્ન છે, તે આવશ્યક અને વિધેય છે અને તેથી જ તે પ્રસંગવિશેષમાં પ્રાયશ્ચિત્તને પાત્ર નથી. આ જ લોકસંગ્રહની વૈદિક ભાવના સર્વત્ર પુરાણોના અવતારોમાં અને સ્મૃતિ-ગ્રન્થોના લોકશાસનમાં આપણે જોઈએ છીએ. એ જ ભેદને લીધે ઉપર વર્ણવેલ બન્ને પુરુષોનાં જીવનની ઘટનાઓનું ખોખું એક છતાં તેનું સ્વરૂપ અને તેનો ઢાળ જુદો છે. જૈન સમાજમાં ગૃહસ્થ કરતાં ત્યાગીવર્ગ ઘણો નાનો હોવા છતાં આખા સમાજ ઉપર (પછી ભલે યોગ્ય કે અયોગ્ય, વિકૃત કે અવિકૃત પણ) અહિંસાની ભાવનાની જે છાપ છે અને વૈદિક સમાજમાં સંન્યાસી પરિવ્રાજક વર્ગ પ્રમાણમાં ઠીક ઠીક મોટો હોવા છતાં તે સમાજ ઉપર પુરોહિત ગૃહસ્થવર્ગની અને ચાતુર્વર્ણિક લોકસંગ્રહવૃત્તિની જે પ્રબળ અને વધારે અસર છે તેનો ખુલાસો આપણે ઉપર કહેલ સંસ્કૃતિભેદમાંથી બહુ સરળતાથી મેળવી શકીએ છીએ.

**૨. ઘટનાવર્ણનોની પરીક્ષા**

હવે બીજા દૃષ્ટિબિન્દુ વિશે વિચારવાનું પ્રાપ્ત થાય છે. તે દૃષ્ટિબિન્દુ ઉપર કહ્યા મુજબ 'એ ઘટનાઓના વર્ણનનો પરસ્પર એકબીજા ઉપર કાંઈ પ્રભાવ પડ્યો છે કે નહિ, અને એમાં કેટકેટલો ફેરફાર કે વિકાસ સધાયો છે એની પરીક્ષા કરવી'—એ છે.

આ બાબતમાં સામાન્ય રીતે ચાર પક્ષો સંભવે છે:

(૧) વૈદિક અને જૈન બન્ને સમ્પ્રદાયના ગ્રન્થોનું ઉપર્યુક્ત ઘટનાવાળું વર્ણન એકબીજાથી તદ્દન સ્વતન્ત્ર હોઈ અરસપરસ એકબીજા કોઈની અસર વિનાનું છે.

(૨) ઉક્ત વર્ણન અતિ સમાન અને બિંબ-પ્રતિબિંબ જેવું હોવાથી તદ્દન સ્વતન્ત્ર નહિ, છતાં કોઈ સામાન્ય ભૂમિકામાંથી ઉત્પન્ન થયેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) કોઈ પણ એક સમ્પ્રદાયની ઘટનાઓનું વર્ણન બીજા સમ્પ્રદાયના તેવા વર્ણનને આભારી છે અથવા તેની અસરવાળું છે.

(૪) જો એકની અસર બીજા ઉપર હોય જ તો કયા સમ્પ્રદાયનું વર્ણન બીજા સમ્પ્રદાયને આભારી છે અને તેમાં તેણે મૂળ વર્ણન અને મૂળ કલ્પના કરતાં કેટલો ફેરફાર કર્યો છે અથવા પોતાની દૃષ્ટિએ કેટલો વિકાસ સાધ્યો છે?

આમાંથી પહેલા પક્ષનો સંભવ જ નથી; કારણ કે, એક જ દેશ, એક જ પ્રાન્ત, એક જ ગામ, એક જ સમાજ અને એક જ કુટુમ્બમાં જ્યારે બન્ને સમ્પ્રદાયો સાથોસાથ પ્રવર્તમાન હોય અને બન્ને સમ્પ્રદાયના વિદ્વાનો તેમ જ ધર્મગુરુઓમાં શાસ્ત્ર, આચાર અને ભાષાનું જ્ઞાન તેમ જ રીતરિવાજ એક જ હોય ત્યાં ભાષા અને ભાવની આટલી બધી સમાનતાવાળું, ઘટનાઓનું વર્ણન એકબીજાથી તદ્દન સ્વતન્ત્ર છે અને પરસ્પરની અસર વિનાનું છે એમ માનવું એ લોકસ્વભાવના અજ્ઞાનને કબૂલવા જેવું થાય.

બીજા પક્ષ પ્રમાણે બન્ને સમ્પ્રદાયોનું ઉક્ત વર્ણન, પૂર્ણ નહિ તો અલ્પાંશે પણ, કોઈ મૂળ સામાન્ય ભૂમિકામાંથી આવ્યું હોય એવો સંભવ કલ્પી શકાય; કારણ કે, આ દેશમાં જુદે જુદે વખતે અનેક જાતિઓ આવી છે અને તે અહીંની પ્રજા તરીકે આબાદ થઈ છે. તેથી ગોપ કે આહીર જેવી કોઈ બહારથી આવેલી કે આ દેશની ખાસ જાતિમાં જ્યારે વૈદિક કે જૈન સંસ્કૃતિનાં મૂળો ન હોય ત્યારે પણ કૃષ્ણ અને કંસનાં સંઘર્ષણોના જેવી અગર તો મહાવીર અને દેવના પ્રસંગો જેવી આછી આછી વાતો પ્રચલિત હોય અને પછી એ જાતિઓમાં ઉક્ત બન્ને સંસ્કૃતિઓ દાખલ થતાં અગર વૈદિક અને જૈન સંસ્કૃતિવાળી પ્રજાઓમાં એ જાતિઓનું મિશ્રણ થઈ જતાં તે તે જાતિમાં તે વખતે પ્રચલિત અને લોકપ્રિય થઈ પડેલી વાર્તાઓને વૈદિક અને જૈન સંસ્કૃતિના ગ્રન્થકારોએ, પોતપોતાની ઢબે, પોતપોતાના સાહિત્યમાં સ્થાન આપ્યું હોય એમ બનવા જેવું છે. અને જ્યારે વૈદિક તેમ જ જૈન સંસ્કૃતિનાં બન્ને વર્ણનોમાં કૃષ્ણનો સંબંધ એકસરખો ગોપો અને આહીરો સાથે દેખાય છે તેમ જ મહાવીરના જીવનપ્રસંગમાં પણ ગોવાળિયાઓનો વારંવાર સંબંધ નજરે પડે છે ત્યારે તો બીજા પક્ષના સંભવને કાંઈક ટેકો મળે છે. પરન્તુ અત્યારે આપણી પાસે બન્ને સંસ્કૃતિનું જે સાહિત્ય છે અને જે સાહિત્યમાં મહાવીર અને કૃષ્ણની ઉપર વર્ણવેલી ઘટનાઓ સંક્ષેપ કે વિસ્તારથી સમાનરૂપે કે અસમાનરૂપે આલેખાયેલી નજરે પડે છે, તે જોતાં બીજા પક્ષની સંભવકોટિ છોડી ત્રીજા પક્ષની નિશ્ચિતતા તરફ મન જાય છે અને એમ ચોક્કસ લાગે છે કે મૂળમાં ગમે તેમ હો, પણ અત્યારે ઉપલબ્ધ સાહિત્યમાં જે બન્ને વર્ણનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે તેમાંથી એક વર્ણન પૂર્ણ નહિ તો મોટાભાગે બીજાને આભારી છે અને એક ઉપર બીજાની અસર છે.

ત્યારે હવે ચોથા જ પક્ષ વિશે વિચાર કરવો બાકી રહે છે. વૈદિક વિદ્વાનોએ જૈન વર્ણન અપનાવી પોતાના ગ્રન્થોમાં પોતાની ઢબે સ્થાન આપ્યું કે જૈન લેખકોએ વૈદિક–પૌરાણિક વર્ણનને અપનાવી પોતાની ઢબે પોતાના ગ્રન્થમાં સ્થાન આપ્યું એ જ પ્રશ્ન વિચારવાનો છે.

જૈન સંસ્કૃતિનો આત્મા અને મૂળ જૈન ગ્રન્થકારોનું હોવું જોઈતું માનસ એ બે દૃષ્ટિઓથી જો વિચાર કરવામાં આવે તો એમ કહ્યા વિના ન જ ચાલે કે જૈન સાહિત્યમાંનું ઉપર્યુક્ત વર્ણન એ પૌરાણિક વર્ણનને આભારી છે. જૈન સંસ્કૃતિનો આત્મા પૂર્ણત્યાગ, અહિંસા અને વીતરાગત્વનો આદર્શ, એ છે. તેથી મૂળ જૈન ગ્રન્થકારોનું માનસ પણ એ જ આદર્શ પ્રમાણે ઘડાયેલું હોવું જોઈએ અને એ જ આદર્શ પ્રમાણે ઘડાયેલું હોય તો જૈન સંસ્કૃતિ સાથે પૂરો મેળ ખાય. જૈન સંસ્કૃતિમાં વહેમો, ચમત્કારો, કલ્પિત આડંબરો અને કાલ્પનિક આકર્ષણોને જરાય સ્થાન નથી. જેટલે અંશે આવી કૃત્રિમ અને બાહ્ય વસ્તુઓ દાખલ થાય તેટલે અંશે જૈન સંસ્કૃતિનો આદર્શ વિકૃત થાય અને હણાય છે. આ વસ્તુ સાચી હોય તો આચાર્ય સમન્તભદ્રની વાણીમાં[1], અન્ધશ્રદ્ધાળુ ભક્તોની અપ્રીતિ વહોરીને અને તેની પરવા કર્યા સિવાય, સ્પષ્ટ કહી દેવું જોઈએ કે ભગવાન મહાવીરની પ્રતિષ્ઠા કાંઈ એવી ઘટનાઓમાં અને બાળકલ્પના જેવા દેખાતાં વર્ણનોમાં નથી; કારણ કે, એવી દૈવી ઘટનાઓ અને અદ્ભુત ચમત્કારી પ્રસંગો તો ગમે તેના જીવનમાં વર્ણવાયેલા સાંપડી શકે છે. તેથી જ્યારે ધર્મવીર દીર્ઘતપસ્વીના જીવનમાં ડગલે ને પગલે દેવોને આવતા જોઈએ છીએ, દૈવી ઉપદ્રવોને વાંચીએ છીએ અને અસંભવ જેવી દેખાતી કલ્પનાઓના રંગ નિહાળીએ છીએ ત્યારે એમ લાગે છે કે ભગવાન મહાવીરના જીવનમાં સ્થાન પામેલી આ ઘટનાઓ અસલમાં વાસ્તવિક નથી, પણ તે પાડોશી વૈદિક–પૌરાણિક વર્ણનો ઉપરથી પાછળથી લેવામાં આવી છે.

---

૧. देवागमनभोयानचामरादिविभूतयः ।
मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसि नो महान् ॥
—आप्तमीमांसा

અર્થ—દેવોનું આગમન, વિમાન અને ચામરાદિના આડંબરો જે ઐન્દ્રજાલિક ચમત્કારીઓ હોય તેમાં પણ દેખાય છે, માટે હે પ્રભુ! એ વિભૂતિને કારણે તું અમારી દૃષ્ટિમાં મહાન નથી, અર્થાત્ તારી મહત્તાનું ચિહ્ન બીજું જ હોવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વિધાનને સ્પષ્ટ કરવા ખાતર અહીં બે જાતના પુરાવાઓ ઉપસ્થિત કરવામાં આવે છે :

(૧) પહેલો તો એ કે ખુદ જૈન ગ્રન્થોમાં મહાવીરના જીવન સંબંધી ઉક્ત ઘટનાઓ કયે ક્રમે મળે છે તે, અને

(૨) બીજો એ કે જૈન ગ્રન્થોમાં વર્ણવાયેલ કૃષ્ણના જીવનપ્રસંગની પૌરાણિક કૃષ્ણજીવન સાથે સરખામણી કરવી અને એ વિશેના જૈન તથા પૌરાણિક ગ્રન્થોનો કાળક્રમ તપાસવો.

જૈન સમ્પ્રદાયના મુખ્ય બે ફિરકામાંથી દિગમ્બર ફિરકાના સાહિત્યમાં મહાવીરનું જીવન જેમ તદ્દન ખંડિત છે તેમ તે જ ફિરકાના જુદા જુદા ગ્રન્થોમાં ક્વચિત્ પરસ્પર વિસંવાદી પણ છે. તેથી અત્રે શ્વેતામ્બર ફિરકાના ગ્રન્થોને જ સામે રાખી વિચાર કરવો પ્રાપ્ત થાય છે. સૌથી જૂના મનાતા અંગસાહિત્યમાં બે અંગો એવાં છે કે જેમાં ઉપર વર્ણવેલી મહાવીરના જીવનની ઘટનાઓમાંથી કોઈકની જ ઝાંખી થાય છે. આચારાંગ નામના પહેલા અને સૌથી નિર્વિવાદ પ્રાચીન મનાતા અંગના પહેલા શ્રુતસ્કંધ ( ઉપધાનસૂત્ર અ૦ ૯ ) માં ભગવાન મહાવીરની સાધક અવસ્થાનું વર્ણન છે; પણ એમાં તો કઠોર સાધકને સુલભ એવા તદ્દન સ્વાભાવિક મનુષ્યકૃત અને પશુ–પંખીકૃત ઉપસર્ગોનું વર્ણન છે, જે અક્ષરશઃ સત્ય લાગે છે અને એક વીતરાગ સંસ્કૃતિના નિર્દેશક શાસ્ત્રને બંધબેસે તેવું લાગે છે. એ જ આચારાંગના પાછળથી ઉમેરાયેલા મનાતા બીજા શ્રુતસ્કંધમાં ભગવાનની તદ્દન સંક્ષેપમાં આખી જીવનકથા આવે છે. એમાં ગર્ભસંહરણની ઘટનાનો, તેમ જ કોઈ પણ જાતની વિગત કે વિશેષ ઘટનાના નિરૂપણ સિવાય માત્ર ભયંકર ઉપસર્ગો સહ્યાનો નિર્દેશ છે. ભગવતી નામના પાંચમા અંગમાં મહાવીરના ગર્ભહરણનું વર્ણન વિશેષ પલ્લવિત રીતે મળે છે. તેમાં એ બનાવ ઇન્દ્ર દ્વારા દેવ મારફત સધાયાની ઉપપત્તિ છે, અને એ જ અંગમાં બીજે સ્થળે ( ભગવતી શતક ૯, ઉદ્દેશ ૩૩, પૃ. ૪૫૬ ) મહાવીર દેવાનન્દાના પુત્ર તરીકે પોતાને ઓળખાવતાં ગૌતમને કહે છે કે આ દેવાનન્દા મારી માતા છે. ( જ્યારે એમનો જન્મ ત્રિશલાની કુક્ષિથી થયેલો હોઈ સૌ એમને ત્રિશલાપુત્ર તરીકે ત્યાં સુધી ઓળખતા હોય એવી કલ્પના દેખાય છે. )

જોકે આ અંગો વિક્રમના પાંચમા સૈકાની આસપાસ સંકલિત થયાં છે, છતાં એ જ રૂપમાં કે ક્વચિત્ ક્વચિત્ થોડા ભિન્ન રૂપમાં એ અંગોનું અસ્તિત્વ તેથી વધારે પ્રાચીન છે અને તેમાંય આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધનું રૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો સવિશેષ પ્રાચીન છે, એ વસ્તુ ધ્યાનમાં રાખવી જોઈએ. અંગ પછીના સાહિત્યમાં આવશ્યકનિર્યુક્તિ અને તેનું ભાષ્ય આવે છે, જેમાં મહાવીરના જીવનને લગતી ઉપર્યુક્ત ઘટનાઓ આવે છે. અહીં એટલું યાદ રાખવું જોઈએ કે જોકે એ નિર્યુક્તિ અને ભાષ્યમાં એ ઘટનાઓનો નિર્દેશ છે, પણ તે બહુ ટૂંકમાં અને પ્રમાણમાં ઓછો છે. ત્યાર બાદ એ જ નિર્યુક્તિ અને ભાષ્યની ચૂર્ણિનું સ્થાન આવે છે, જેમાં એ ઘટનાઓ વિસ્તારથી અને પ્રમાણમાં વધારે વર્ણવાયેલી છે. આ ચૂર્ણિ સાતમા અને આઠમા સૈકા વચ્ચે બનેલી હોય એમ મનાય છે. મૂળ નિર્યુક્તિ ઈ. સ. પહેલાંની હોવા છતાં એનો અંતિમ સમય ઈ. સ. પાંચમા સૈકાથી અને ભાષ્યનો સમય સાતમા સૈકાથી અર્વાચીન નથી. ચૂર્ણિકાર પછી મહાવીરના જીવનનો વધારેમાં વધારે અને પૂરો હેવાલ પૂરો પાડનાર આચાર્ય હેમચંદ્ર છે. એમણે ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રના દશમ પર્વમાં મહાવીરજીવન સંબંધી પૂર્વવર્તી બધા જ ગ્રન્થોનું દોહન કરી પોતાના કવિત્વની કલ્પનાઓના રંગો સાથે આખું જીવનવર્ણન આપ્યું છે. એ વર્ણનમાંથી અમે ઉપર લીધેલી બધી જ ઘટનાઓ જોકે ચૂર્ણિમાં છે, પણ જો હેમચંદ્રના વર્ણન અને ભાગવતમાંના કૃષ્ણવર્ણનને એકસાથે સામે રાખી વાંચવામાં આવે તો એમ જરૂર લાગે કે હેમચંદ્રે ભાગવતકારની કવિત્વશક્તિના સંસ્કારોને અપનાવ્યા છે.

જેમ જેમ અંગ સાહિત્યથી હેમચંદ્રના કવિત્વમય ચરિત્ર સુધી આપણે ઉત્તરોત્તર વાંચતા જઈએ છીએ તેમ તેમ મહાવીરના જીવનની સહજ ઘટનાઓ કાયમ રહેવા છતાં તેના ઉપર દૈવી અને ચમત્કારી ઘટનાઓના રંગો વધારે ને વધારે પૂરાતા જાય છે ત્યારે એમ માનવાને કારણ મળે છે કે જે બધી અસહજ દેખાતી અને જેના વિના પણ મૂળ જૈન ભાવના અબાધિત રહી શકે છે એવી ઘટનાઓ, એક અથવા બીજે કારણે, જૈન સાહિત્યમાંના મહાવીરજીવનમાં બહારથી પ્રવેશ પામતી ગઈ છે.

આ વસ્તુની સાબિતી માટે અહીં એક ઘટના ઉપર ખાસ વિચાર કરીએ તો તે પ્રાસંગિક જ ગણાશે. આવશ્યકનિર્યુક્તિ, તેનું ભાષ્ય અને ચૂર્ણિ—એમાં મહાવીરના જીવનની બધી ઘટનાઓ સંક્ષિપ્ત કે વિસ્તારથી વર્ણવાયેલી છે. નાનીમોટી બધી ઘટનાઓને સંગ્રહી સાચવી રાખનાર નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિના લેખકોએ મહાવીરે કરેલા મેરુકમ્પન જેવા આકર્ષક મહાઘટનાની નોંધ લીધી નથી, જ્યારે ઉક્ત ગ્રન્થોને આધારે મહા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીરજીવન ગૂંથનાર હેમચન્દ્રે મેરુકમ્પનની નોંધ લીધી છે. હેમચન્દ્રે નોંધેલ મેરુકમ્પનનો બનાવ જોકે તેના મૂળ આધારભૂત નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિમાં નથી, છતાં આઠમા સૈકાના દિગમ્બર કવિ રવિષેણકૃત પદ્મપુરાણમાં (દ્વિતીય પર્વ, શ્લો. ૭૫–૭૬, પૃ. ૨૫) છે. રવિષેણે આ બનાવ પ્રાકૃત 'પઉમચરિય'-માંથી લીધેલો છે; કારણ કે, એનું પદ્મચરિત એ પ્રાકૃત પઉમચરિયનું માત્ર અનુકરણ છે. અને પઉમચરિયમાં (દ્વિતીય પર્વ શ્લોક ૨૫–૨૬, પૃ. ૫) એ બનાવ નોંધેલો છે. પદ્મચરિત નિર્વિવાદરૂપે દિગમ્બરીય છે, જ્યારે પઉમચરિયની બાબતમાં હજુ મતભેદ છે. પઉમચરિય દિગમ્બરીય હો, શ્વેતામ્બરીય હો કે એ બન્ને રૂઢ ફિરકાથી તટસ્થ એવા ત્રીજા જ કોઈ ગચ્છના આચાર્યની કૃતિ હો, ગમે તેમ હો, પણ અત્રે એ વિચારવું પ્રાપ્ત થાય છે કે પઉમચરિયમાં નિર્દેશાયેલ મેરુકમ્પના બનાવનું મૂળ શું છે?

અંગગ્રન્થોમાં કે નિર્યુક્તિમાં એ બનાવ નથી નોંધાયેલો, એટલે તે ઉપરથી પઉમચરિયના કર્તાએ એ બનાવ લીધો છે એમ તો કહી શકાય જ નહિ. ત્યારે એ બનાવ નોંધાયો કેવી રીતે?—એ પ્રશ્ન છે. જોકે પઉમચરિયની રચનાનો સમય પહેલી શતાબ્દી નિર્દેશાયેલો છે, છતાં કેટલાંક કારણસર એ સમય વિશે ભ્રાંતિ લાગે છે. પઉમચરિય બ્રાહ્મણ પદ્મપુરાણ પછીની કૃતિ હોય એમ લાગે છે અને પાંચમા સૈકા પહેલાંનું હોવાનો બહુ જ ઓછો સંભવ છે. ગમે તેમ હો, છતાં અંગ અને નિર્યુક્તિ આદિમાં નહિ સૂચવાયેલ મેરુકમ્પનનો બનાવ પઉમચરિયમાં ક્યાંથી આવ્યો?—એ સવાલ તો રહે જ છે.

જો પઉમચરિયના કર્તા પાસે કોઈ એ બનાવના વર્ણનવાળો વધારે જૂનો ગ્રન્થ હોય અને તેમાંથી તેણે એ બનાવ નોંધ્યો હોય તો નિર્યુક્તિ કે ભાષ્ય આદિમાં એ બનાવ નોંધાયા સિવાય ભાગ્યે જ રહે. તેથી કહેવું જોઈએ કે પઉમચરિયમાં આ બનાવ ક્યાંક બહારથી આવી દાખલ થયો છે. બીજી બાજુ હરિવંશ આદિ બ્રાહ્મણપુરાણોમાં ફળદ્રુપ પૌરાણિક કલ્પનામાંથી જન્મેલી ગોવર્દ્ધન તોળવાની ઘટના નોંધાયેલી પ્રાચીન કાળથી મળે છે.

પૌરાણિક અવતાર કૃષ્ણ દ્વારા ગોવર્દ્ધન પર્વતનું તોલન અને જૈન તીર્થંકર મહાવીર દ્વારા સુમેરુ પર્વતનું કમ્પન એ બે વચ્ચે એટલું બધું સામ્ય છે કે કોઈ એક કલ્પના બીજાને આભારી લાગે છે.

આપણે જોઈ ગયા કે આગમ–નિર્યુક્તિ ગ્રન્થો જેમાં ગર્ભસંક્રમણ જેવા અસંભવિત દેખાતા બનાવોની નોંધ છે, તેમાંય સુમેરુકમ્પનની ઘટના નથી. કોઈ પ્રાચીન જૈન પરમ્પરામાંથી એ બનાવ પઉમચરિયમાં લેવાયાનો ઓછો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંભવ છે, અને બ્રાહ્મણપુરાણોમાં પર્વત ઉઠાવ્યાની વાત છે ત્યારે આપણને માનવાને કારણ મળે છે કે કવિત્વમય કલ્પનામાં અને અદ્ભુત વર્ણનોમાં બ્રાહ્મણ-મસ્તિષ્કનું અનુકરણ કરનાર જૈન-મસ્તિષ્કે આ કલ્પના બ્રાહ્મણપુરાણમાંની ગોવર્દ્ધન પર્વતની તોલનની કલ્પના ઉપરથી ઉપજાવી કાઢી છે.

પાડોશી અને વિરોધી સમ્પ્રદાયવાળા પોતાના પ્રભુનું મહત્ત્વ ગાતાં કહે કે પુરુષોત્તમ કૃષ્ણે તો પોતાની આંગળીથી ગોવર્દ્ધન જેવા પહાડને તોળ્યો, ત્યારે સામ્પ્રદાયિક માનસને સંતોષવા જૈન પુરાણકારો જો એમ કહે કે કૃષ્ણે તો જુવાનીમાં માત્ર યોજનપ્રમાણ ગોવર્દ્ધન પર્વતને ઊંચક્યો, પણ અમારા પ્રભુ વીરે તો જન્મતાવેંત માત્ર પગના અંગૂઠાથી એક લાખ યોજનના સુમેરુ પર્વતને ડગાવ્યો, તો એ સામ્પ્રદાયિક પ્રતિસ્પર્દ્ધાને તદ્દન બંધબેસતું લાગે છે. પછી એ કલ્પના વધારે પ્રચારમાં આવતાં સમ્પ્રદાયમાં એટલે સુધી રૂઢ થઈ ગઈ કે છેવટે હેમચંદ્રે પોતાના ગ્રન્થમાં એને સ્થાન આપ્યું અને અત્યારે તો સામાન્ય જૈન જનતા એમ જ માનતી થઈ ગઈ છે કે મહાવીરના જીવનમાં આવતો મેરુકમ્પનનો બનાવ આગમિક અને પ્રાચીન ગ્રન્થગત છે.

અહીં ઊલટો તર્ક કરી એક પ્રશ્ન કરી શકાય કે પ્રાચીન જૈન ગ્રન્થમાંના મેરુકમ્પનના બનાવની બ્રાહ્મણ પુરાણકારોએ ગોવર્દ્ધન પર્વતના તોલન રૂપે નકલ કેમ ન કરી હોય? પરંતુ આનો ઉત્તર પ્રથમ એક સ્થળે દેવાઈ ગયો છે તે પ્રમાણે સ્પષ્ટ છે. જૈન ગ્રન્થોનું મૂળ સ્વરૂપ કાવ્યકલ્પનાનું નથી, અને આ બનાવ એવી કલ્પનાનું પરિણામ છે. પૌરાણિક કવિઓનું માનસ મુખ્યપણે કાવ્યકલ્પનાના સંસ્કારથી જ ઘડાયેલું આપણે જોઈએ છીએ. તેથી એ કલ્પના પુરાણ દ્વારા જ જૈન કાવ્યોમાં રૂપાન્તર પામી દાખલ થઈ હોય એમ માની લેવામાં વધારે ઔચિત્ય દેખાય છે.

કૃષ્ણના ગર્ભાવતરણથી માંડી જન્મ, બાળલીલા અને આગળના જીવનપ્રસંગોવાળાં મુખ્યપણે હરિવંશ, વિષ્ણુ, પદ્મ, બ્રહ્મવૈવર્ત અને ભાગવત એટલાં વૈદિક પુરાણો છે. ભાગવત લગભગ ૮–૯ મા સૈકાનું મનાય છે. બાકીનાં પુરાણો પણ કોઈ એક જ હાથે અને એક જ વખતે લખાયેલાં હોય એમ નથી; છતાં હરિવંશ, વિષ્ણુ અને પદ્મ એ પુરાણો પાંચમા સૈકા પહેલાં પણ કોઈ ને કોઈ રૂપમાં નિશ્ચિત અસ્તિત્વ ધરાવતાં. વળી એ પુરાણોનાં પહેલાં પણ મૂળ પુરાણ હોવાની સાબિતીઓ મળે છે. હરિવંશથી માંડી ભાગવત સુધીનાં ઉક્ત પુરાણોમાં આવતા કૃષ્ણના જન્મ અને જીવનની ઘટનાઓ જોતાં પણ એમ લાગે છે કે આ ઘટનાઓમાં માત્ર કવિત્વની દૃષ્ટિએ જ નહિ, પણ વસ્તુની

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

દૃષ્ટિએ સુધ્ધાં ઘણો વિકાસ થયો છે. હરિવંશ પુરાણ અને ભાગવત પુરાણ એ બન્નેમાંની કૃષ્ણજીવનની કથા સામે રાખી વાંચતાં એ વિકાસ સ્પષ્ટ જણાઈ આવે છે. બીજી બાજુ જૈન વાઙ્‌મયમાં કૃષ્ણજીવનની કથાવાળા મુખ્ય ગ્રન્થો શ્વેતામ્બર અને દિગમ્બર બન્ને સાહિત્યમાં છે. શ્વેતામ્બરીય અંગ ગ્રન્થોમાંથી છઠ્ઠા જ્ઞાતા અને આઠમા અંતગડ એ અંગોમાં સુધ્ધાં કૃષ્ણનો પ્રસંગ આવે છે. વસુદેવહિન્ડી (લગભગ સાતમો સૈકો. જુઓ પૃ૦ ૩૬૮–૯) જેવા પ્રાકૃત ગ્રન્થો અને હેમચન્દ્રકૃત (બારમી સદી) ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર જેવા સંસ્કૃત ગ્રન્થોમાં કૃષ્ણજીવનની વિસ્તૃત કથા મળે છે. દિગમ્બરીય સાહિત્યમાં કૃષ્ણજીવનનો વિસ્તૃત અને મનોરંજક હેવાલ પૂરો પાડનાર ગ્રન્થ જિનસેનકૃત (વિક્રમીય ૯મી શતાબ્દી) હરિવંશ પુરાણ છે, તેમ જ ગુણભદ્રકૃત (વિક્રમીય ૯મી શતાબ્દી) ઉત્તરપુરાણમાં પણ કૃષ્ણની જીવનકથા છે. દિગમ્બરીય હરિવંશ-પુરાણ અને ઉત્તરપુરાણ એ વિક્રમીય નવમા સૈકાના ગ્રન્થો છે.

હવે આપણે કૃષ્ણજીવનમાંના કેટલાક પ્રસંગો લઈને જોઈએ કે તે બ્રાહ્મણપુરાણોમાં કઈ રીતે વર્ણવાયેલાં છે અને જૈન ગ્રન્થોમાં કઈ રીતે વર્ણવાયેલાં મળે છે?

| બ્રાહ્મણપુરાણ | જૈન ગ્રન્થો |
|---|---|
| (૧) વિષ્ણુના આદેશથી યોગમાયા-શક્તિના હાથે બળભદ્રનું દેવકીના ગર્ભમાંથી રોહિણીના ગર્ભમાં સંહરણ (સંકર્ષણ) થાય છે. —ભાગવત, સ્કન્ધ ૧૦, અ. ૨, શ્લો. ૬–૧૩, પૃ. ૭૯૯. | (૧) એમાં સંહરણ (સંકર્ષણ)ની વાત નથી, પણ રોહિણીના ગર્ભમાં સહજ જન્મની વાત છે. —હરિવંશ સર્ગ ૩૨, શ્લો. ૧–૧૦, પૃ. ૩૨૧. |
| (૨) દેવકીને જન્મેલા બળભદ્ર પહેલાંના છ સજીવ બાળકોને કંસ પટકી મારી નાખે છે. —ભાગવત, સ્કન્ધ ૧૦, અ. ૨, શ્લોક ૫. | (૨) વસુદેવહિન્ડી (પૃ. ૩૬૮–૯) માં દેવકીના છ પુત્રોને કંસે હણી નાખ્યા એવો સ્પષ્ટ નિર્દેશ છે, પણ જિનસેન અને હેમ-ચંદ્રના વર્ણન પ્રમાણે દેવકીના ગર્ભજાત છ સજીવ બાળકોને એક દેવ બીજા શહેરમાં જૈન કુટુમ્બમાં સુરક્ષિત પહોંચાડે છે અને તે જૈન બાઈના મૃતક |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જન્મેલા છ બાળકોને ક્રમે દેવકી પાસે લાવી મૂકે છે, જે જન્મથી જ મૃતક છતાં કંસ તેને રોષથી પછાડે છે અને પેલા જૈન-ગૃહસ્થને ઘેર ઊછરેલા છ સજીવ દેવકીબાળકો આગળ જતાં નેમિનાથ તીર્થંકર પાસે જૈનદીક્ષા લે છે અને મોક્ષ પામે છે.

—હરિવંશ, સર્ગ ૩૫, શ્લો. ૧-૧૫, પૃ. ૩૬૩-૪.

(૩) વિષ્ણુની યોગમાયા યશોદાને ત્યાં પુત્રીરૂપે જન્મ લઈ વસુદેવને હાથે દેવકીની પાસે પહોંચે છે અને તે જ સમયે દેવકીના ગર્ભથી જન્મેલ કૃષ્ણ વસુદેવને હાથે યશોદાને ત્યાં સુરક્ષિત પહોંચે છે. આવેલ પુત્રીને કંસ મારી નાખવા પટકે છે, પણ તે યોગમાયા હોઈ છટકી જઈ છેવટે કાળી, દુર્ગા, આદિશક્તિ તરીકે પૂજાય છે.

—ભાગવત, દશમ સ્કન્ધ, અ. ૩, શ્લો. ૨-૧૦, પૃ. ૮૦૯.

(૩) યશોદાની તરત જન્મેલી પુત્રીને કૃષ્ણને બદલે દેવકી પાસે લાવવામાં આવે છે. કંસ તે જીવતી બાલિકાને મારતો નથી. વસુદેવહિન્ડી પ્રમાણે નાક કાપીને, અને જિનસેનના કથન પ્રમાણે માત્ર નાક ચપટું કરીને, જતી કરે છે. એ બાલિકા આગળ તરુણ અવસ્થામાં એક સાધ્વી પાસે જૈનદીક્ષા લે છે અને જિનસેનના હરિવંશ પ્રમાણે તો એ સાધ્વી ધ્યાન અવસ્થામાં મરી સદ્ગતિ પામ્યા છતાં તેની આંગળીના લોહી-ભરેલા ત્રણ કટકા ઉપરથી પાછળથી ત્રિશૂળધારિણી કાળી તરીકે વિંધ્યાચલમાં પ્રતિષ્ઠિત થાય છે. એ કાળી દેવી સામે થતાં પાડાઓના વધની જિનસેને ભારે ઝાટકણી કાઢી છે, જે વધ વિંધ્યાચલમાં અદ્યાપિ પ્રવર્તે છે.

—હરિવંશ, સર્ગ ૩૯, શ્લો. ૧-૫૧, પૃ. ૪૫૮-૬૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) કૃષ્ણની બાળલીલા અને કુમાર-લીલામાં કંસે મોકલેલા જે બધા અસુરો આવ્યા છે અને જેમણે કૃષ્ણને, બળભદ્રને તેમ જ ગોપ-ગોપીઓને પજવ્યાં છે, લગભગ તે બધા અસુરોને કૃષ્ણ અને કોઈ વાર બળભદ્ર પ્રાણમુક્ત કરી મારી નાખે છે.

—ભાગવત, દશમ સ્કંધ, અ. ૫–૮, પૃ. ૮૧૪.

(૪) બ્રાહ્મણપુરાણોમાં કંસે મોકલેલા જે અસુરો આવે છે તે અસુરો જિનસેનના હરિવંશપુરાણ પ્રમાણે કંસની પૂર્વજન્મમાં સાધેલી દેવીઓ છે અને એ દેવીઓ જ્યારે કૃષ્ણ, બળભદ્ર કે વ્રજવાસીઓને સતાવે છે ત્યારે એ દેવીઓનો વધ કૃષ્ણને હાથે નથી થતો, પણ કૃષ્ણ એ દેવીઓને હરાવી માત્ર જીવતી નસાડી મૂકે છે. હેમચંદ્રના (ત્રિષષ્ટિ. સર્ગ ૫, શ્લોક ૧૨૩–૪) વર્ણન પ્રમાણે કૃષ્ણ, બળભદ્ર અને વ્રજવાસી-ઓને ઉપદ્રવ કરનાર કોઈ દેવીઓ નહિ પણ કંસના પાળેલા ઉન્મત્ત પ્રાણીઓ છે, જેનો પણ વધ કૃષ્ણ નથી કરતા. માત્ર દયાળુ જૈનના હાથની પેઠે એ પોતાના પરાક્રમી છતાં કોમળ હાથથી કંસપ્રેરિત ઉપદ્રવી પ્રાણીઓને હરાવી દૂર નસાડી મૂકી છે.

—હરિવંશ, સર્ગ ૩૫, શ્લો. ૩૫–૫૦, પૃ. ૩૬૬–૭.

(૫) નૃસિંહ એ વિષ્ણુનો એક અવતાર છે. કૃષ્ણ તથા બળભદ્ર બન્ને વિષ્ણુના અંશ હોઈ સદામુક્ત છે અને વિષ્ણુધામ સ્વર્ગમાં વર્તમાન છે.

—ભાગવત, પ્રથમ સ્કંધ, અ. ૩ શ્લો. ૧–૨૪, પૃ. ૧૦–૧૧.

(૫) કૃષ્ણ જોકે ભવિષ્યમાં તીર્થંકર થઈ મોક્ષે જનાર છે, પણ અત્યારે તે યુદ્ધને પરિણામે નરકમાં વસે છે અને બળભદ્ર જૈનદીક્ષા લેવાથી સ્વર્ગમાં ગયેલ છે. જિનસેને બળભદ્રને જ નૃસિંહ તરીકે ઘટાવવા મનો-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રંજક કલ્પના આપી છે; અને લોકોમાં કૃષ્ણ તથા બળભદ્રની સાર્વત્રિક પૂજા કેમ થઈ એના કારણ તરીકે કૃષ્ણે નરકમાં રહ્યા રહ્યા બળભદ્રને તેમ કરવાની યુક્તિ બતાવ્યાનું અતિ સામ્પ્રદાયિક અને કાલ્પનિક વર્ણન કર્યું છે.
—હરિવંશ, સર્ગ ૩૫, શ્લોક ૧–૫૫, પૃ. ૬૧૮–૨૫.

(૬) દ્રૌપદી પાંચ પાંડવની પત્ની છે છે અને કૃષ્ણ પાંડવોના પરમ સખા છે. દ્રૌપદી કૃષ્ણભક્તા છે અને કૃષ્ણ સ્વયં પૂર્ણાવતાર છે.
—મહાભારત.

(૬) શ્વેતામ્બર ગ્રન્થો પ્રમાણે તો દ્રૌપદીને પાંચ પતિ છે ( જ્ઞાતા૦ ૧૬મું અધ્યયન), પણ જિનસેન માત્ર અર્જુનને જ દ્રૌપદીના પતિ તરીકે વર્ણવે છે અને તેને એક પતિવાળી આલેખે છે. ( હરિવંશ, સર્ગ ૫૪, શ્લો. ૧૨–૨૫). દ્રૌપદી અને પાંડવો બધાય જૈનદીક્ષા લે છે અને કોઈ મોક્ષે કે કોઈ સ્વર્ગે જાય છે. ફક્ત કૃષ્ણ કર્મોદયને કારણે જૈનદીક્ષા લઈ શકતા નથી. તેમ છતાં બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિના અનન્ય ઉપાસક બની ભાવી તીર્થંકર પદની લાયકાત મેળવે છે.
—હરિવંશ, સર્ગ ૬૫. શ્લો. ૧૬, પૃ. ૬૧૯–૨૦.

(૭) કૃષ્ણની રાસલીલા અને ગોપીક્રીડા ઉત્તરોત્તર વધારે શૃંગારી બનતી જાય છે અને તે એટલે સુધી કે છેવટે તે પદ્મપુરાણમાં

(૭) કૃષ્ણ રાસ અને ગોપીક્રીડા કરે છે, પણ તે ગોપીઓના હાવભાવથી ન લોભાતાં તદ્દન અલિપ્ત બ્રહ્મચારી તરીકે રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોગનું રૂપ ધારણ કરી વલ્લભ-સમ્પ્રદાયની ભાવના પ્રમાણે મહાદેવના મુખથી સમર્થન પામે છે.

—પદ્મપુરાણ અ. ૨૪૫ શ્લો. ૧૭૫–૬, પૃ. ૮૮૯–૯૦.

—હરિવંશ, સર્ગ ૩૫, શ્લો. ૬૫–૬, પૃ. ૩૬૯.

(૮) કૃષ્ણ, ઇન્દ્રે વ્રજવાસીઓને કરેલા ઉપદ્રવો શમાવવા ગોવર્દ્ધન પર્વતને સાત દિવસ હાથમાં તોળે છે.

—ભાગવત, દશમ સ્કન્ધ, અ. ૨૫. શ્લો. ૧૮–૩૦. પૃ. ૮૯

(૮) જિનસેનના કથન પ્રમાણે ઇન્દ્રે કરેલા ઉપદ્રવો નહિ, પણ કંસે મોકલેલ એક દેવીએ કરેલા ઉપદ્રવો શમાવવા કૃષ્ણ ગોવર્દ્ધન પર્વતને તોળે છે.

—હરિવંશ, સર્ગ ૩૫, શ્લો. ૪૮–૫૦, પૃ. ૩૬૭.

પુરાણોમાં અને જૈન ગ્રન્થોમાં વર્ણવાયેલી કૃષ્ણજીવનકથામાંથી ઉપર જે થોડા નમૂનાઓ આપ્યા છે તે જોતાં કૃષ્ણ એ વસ્તુતઃ વૈદિક અગર પૌરાણિક પાત્ર છે અને પાછળથી જૈન ગ્રન્થમાં સ્થાન પામેલ છે—આ બાબતમાં ભાગ્યે જ શંકા રહી શકે. પૌરાણિક કૃષ્ણજીવનની કથામાં મારફાડ, અસુર-સંહાર અને શૃંગારી લીલાઓ છે, તેને જૈન ગ્રન્થકારોએ પોતાની અહિંસા અને ત્યાગની ભાવના પ્રમાણે બદલી પોતાના સાહિત્યમાં તદ્દન જુદું જ સ્થાન આપ્યું છે. તેથી આપણે જૈન ગ્રન્થોમાં પુરાણની પેઠે નથી જોતાં કંસને હાથે કોઈ બાળકનો પ્રાણનાશ કે નથી જોતાં કૃષ્ણને હાથે કંસે મોકલેલ ઉપદ્રવીઓનો પ્રાણનાશ. આપણે માત્ર જૈન ગ્રન્થોમાં કૃષ્ણને હાથે કંસે મોકલેલ ઉપદ્રવીઓને, પૃથ્વીરાજે શાહબુદ્દીનને જતો કર્યો તેમ, જીવતાં છોડી મૂકવાની વાત વાંચીએ છીએ; એટલું જ નહિ, પણ કૃષ્ણ સિવાયના લગભગ બધાં પાત્રોએ જૈનદીક્ષા સ્વીકાર્યાનું વર્ણન વાંચીએ છીએ. અલબત્ત, અહીં એક પ્રશ્ન થઈ શકે અને તે એ કે મૂળમાં જ વસુદેવ, કૃષ્ણ આદિની કથા જૈન ગ્રન્થોમાં હોય અને પછી તે બ્રાહ્મણપુરાણોમાં જુદા રૂપમાં કેમ ઢળાઈ ન હોય?

પરંતુ જૈન આગમો અને બીજા કથાગ્રન્થોમાં જે કૃષ્ણ, પાંડવ આદિનું વર્ણન છે તેનું સ્વરૂપ, શૈલી આદિ જોતાં એ તર્કને અવકાશ રહેતો નથી. તેથી વિચારતાં ચોખ્ખું લાગે છે કે જ્યારે પ્રજામાં કૃષ્ણની પૂજા–પ્રતિષ્ઠા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ અને તેને લગતું સાહિત્ય ખૂબ રચાયું તેમ જ લોકપ્રિય થતું ગયું ત્યારે સમયસૂચક જૈન લેખકોએ પણ રામચંદ્રની પેઠે કૃષ્ણને પણ અપનાવ્યા અને પુરાણગત કૃષ્ણવર્ણનના જૈન દૃષ્ટિએ દેખાતા હિંસાના વિષને ઉતારી તેનો જૈન સંસ્કૃતિ પ્રમાણે મેળ બેસાડ્યો અને તેમાં અહિંસાની દૃષ્ટિએ લખાતાં કથાસાહિત્યનો વિકાસ સાધ્યો.

જ્યારે કૃષ્ણજીવનના તોફાની અને શૃંગારી પ્રસંગો પ્રજામાં લોકપ્રિય થતાં ગયાં ત્યારે એ જ પ્રસંગો એક બાજુએ જૈન સાહિત્યમાં પરિવર્તન સાથે સ્થાન પામતા ગયા અને બીજી બાજુ તે પરાક્રમપ્રધાન અદ્ભુત પ્રસંગોની મહાવીરજીવનવર્ણન ઉપર અસર થતી ગઈ હોય એવો વિશેષ સંભવ છે. અને તેથી જ. આપણે જોઈએ છીએ કે, પુરાણોમાં કૃષ્ણના જન્મ, બાળક્રીડા અને યૌવનવિહાર આદિ પ્રસંગે માનુષી કે અમાનુષી અસુરોએ કરેલા ઉપદ્રવો અને ઉત્પાતોનું જે અસ્વાભાવિક વર્ણન છે અને તે ઉત્પાતોના, કૃષ્ણે કરેલ નિવારણનું અસ્વાભાવિક છતાં માત્ર મનોરંજક, જે વર્ણન છે તે જ અસ્વાભાવિક છતાં લોકમાનસમાં ઊંડે સુધી ઊતરી ગયેલ વર્ણન, અહિંસા અને ત્યાગની ભાવનાવાળા જૈન ગ્રન્થકારોને હાથે યોગ્ય સંસ્કાર પામી મહાવીરના જન્મ, બાળક્રીડા અને જુવાનીની સાધનાવસ્થાને પ્રસંગે દેવકૃત વિવિધ ઘટના તરીકે સ્થાન પામે છે, અને પૌરાણિક વર્ણનની વિશેષ અસ્વાભાવિકતા તથા અસંગતિ દૂર કરવાનો જૈન ગ્રન્થકારોનો પ્રયત્ન હોવા છતાં તત્કાલીન લોકમાનસ પ્રમાણે મહાવીરના જીવનમાં સ્થાન પામેલ પૌરાણિક ઘટનાઓના વર્ણનમાં એક જાતની અમુક અંશે અસ્વાભાવિકતા અને અસંગતિ રહી જ જાય છે.

### ૩. કથાગ્રંથોનાં સાધનોનું પૃથક્કરણ અને તેનું ઔચિત્ય

હવે આપણે ' લોકોમાં ધર્મભાવના જાગ્રત રાખવા તેમ જ સમ્પ્રદાયના પાયા મજબૂત કરવા તે વખતે મુખ્યપણે કઈ જાતના સાધનનો ઉપયોગ કથાગ્રન્થોમાં કે જીવનવૃતાન્તોમાં થતો, તેનું પૃથક્કરણ કરવું અને તેનું ઔચિત્ય વિચારવું. '—આ ત્રીજા દૃષ્ટિબિન્દુ ઉપર આવીએ છીએ.

ઉપર જે કાંઈ વિવેચના કરવામાં આવી છે તે શરૂઆતમાં કોઈ પણ અતિશ્રદ્ધાળુ સામ્પ્રદાયિક ભક્તને આઘાત પહોંચાડે એ દેખીતું છે. કારણ એ છે કે સાધારણ ઉપાસક અને ભક્ત જનતાની પોતાના પૂજ્ય પુરુષ તરફની શ્રદ્ધા બુદ્ધિશોધિત કે તર્કપરિમાર્જિત નથી હોતી. એવી જનતાને મન શાસ્ત્રમાં લખાયેલ દરેક અક્ષર ત્રૈકાલિક સત્યરૂપ હોય છે અને વધારામાં જ્યારે એ શાસ્ત્રને ત્યાગી ગુરુ કે વિદ્વાન પંડિત વાંચે કે સમજાવે છે ત્યારે તો એ

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

ભોળી જનતાના મન ઉપર શાસ્ત્રના અક્ષરાર્થના યથાર્થપણાની છાપ વજ્રલેપ જેવી થઈ જાય છે. આવી સ્થિતિમાં શાસ્ત્રીય વર્ણનોની પરીક્ષા કરવાનું કામ અને પરીક્ષાપૂર્વક તેને સમજાવવાનું કામ ઘણું જ અઘરું થઈ જાય છે. તે વિશિષ્ટ વર્ગના લોકોના ગળે ઊતરતાં પણ લાંબો વખત લે છે અને ઘણા ભોગો માગે છે. આવી સ્થિતિ માત્ર જૈન સમ્પ્રદાયની જ નથી, પણ દુનિયા ઉપરના દરેક સમ્પ્રદાયની લગભગ એક જ જેવી સ્થિતિનો ઇતિહાસ આપણી સામે છે.

આ યુગ વિજ્ઞાનનો છે. એમાં દૈવી ચમત્કારો અને અસંગત કલ્પનાઓ પ્રતિષ્ઠા પામી શકે નહિ. એટલે અત્યારની દૃષ્ટિએ પ્રાચીન મહાપુરુષોનાં ચમત્કારપ્રધાન જીવન વાંચીએ ત્યારે તેમાં ઘણું અસંબદ્ધ અને કાલ્પનિક દેખાય એ તદ્દન સ્વાભાવિક છે. પરંતુ જે યુગમાં એ વૃત્તાન્તો લખાયાં, જે લોકોએ લખ્યાં, જે લોકો વાસ્તે લખ્યાં અને જે ઉદ્દેશથી લખ્યાં તે યુગમાં આપણે દાખલ થઈ તે લખનાર અને સાંભળનારનું માનસ તપાસી, તેમના લખવાના ઉદ્દેશનો વિચાર કરી, ગંભીરપણે જોઈએ તો આપણને ચોખ્ખું દેખાશે કે એ પ્રાચીન અને મધ્યયુગમાં મહાન પુરુષોનાં જીવનવૃત્તાન્તો જે રીતે આલેખાયેલાં છે તે જ રીત તે વખતે કારગત હતી. આદર્શ ગમે તેવો ઉચ્ચ હોય અને તેને કોઈ અસાધારણ વ્યક્તિએ બુદ્ધિશુદ્ધ કરી જીવનગમ્ય કર્યો હોય, છતાં સાધારણ લોકો એ અતિ સૂક્ષ્મ અને અતિ ઉચ્ચ આદર્શને બુદ્ધિગમ્ય કરી શકતા નથી અને છતાં સૌની એ આદર્શ તરફ ભક્તિ હોય છે: સૌ એને ઇચ્છે છે અને પૂજે છે.

આવી સ્થિતિ હોવાથી સાધારણ લોકોની એ આદર્શ પ્રત્યેની ભક્તિ અથવા તો ધર્મભાવના જાગ્રત રાખવાને સ્થૂળ માર્ગ સ્વીકારવો પડે છે; જેવું લોકમાનસ તેવી કલ્પના કરી તેમના સામે એ આદર્શ મૂકવો પડે છે. લોકોનું મન સ્થૂળ હોઈ ચમત્કારપ્રિય હોય અને દેવદાનવોના પ્રતાપની વાસનાવાળું હોય ત્યારે તેમની સામે સૂક્ષ્મ અને શુદ્ધતર આદર્શને પણ ચમત્કાર અને દૈવી પાસનાં વાઘાં પહેરાવીને મૂકવામાં આવે તો જ સાધારણ લોકોને સાંભળવો ગમે અને તેમને ગળે ઊતરે. આ કારણથી તે યુગમાં ધર્મભાવના જાગ્રત રાખવા તે વખતના શાસ્ત્રકારોએ મુખ્યપણે ચમત્કારો અને અદ્ભુતતાઓનાં વર્ણનનો આશ્રય લીધેલો છે. વળી, પોતાની જ પડોશમાં ચાલતા અન્ય સમ્પ્રદાયોમાં જ્યારે દેવતાઈ વાતો અને ચમત્કારી પ્રસંગોની ભરમાર હોય ત્યારે પોતાના સમ્પ્રદાયના લોકોને તે તરફ જતા અટકાવી પોતાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્પ્રદાય તરફ આકર્ષી રાખવાનો માર્ગ એક જ હોય છે અને તે એ કે તેણે પણ પોતાના સમ્પ્રદાયના પાયા ટકાવી રાખવા માટે બીજા વિરોધી અને પાડોશી સમ્પ્રદાયમાં ચાલતી આકર્ષક વાતો જેવી વાતો અથવા તેથી વધારે સારી વાતો યોજી, લખી લોકો સામે રજૂ કરવી. આ રીતે પ્રાચીન અને મધ્યયુગમાં જેમ ધર્મભાવના જાગ્રત રાખવાની દૃષ્ટિએ તેમ સમ્પ્રદાયના પાયા મજબૂત કરવાની દૃષ્ટિએ પણ મુખ્યપણે મન્ત્ર–તન્ત્ર, જડી–બુટ્ટી, દૈવી ચમત્કાર ઇત્યાદિ ધર્મતત્ત્વની સાથે અસંગત એવાં સાધનોનો ઉપયોગ થતો.

ગાંધીજી ઉપવાસ કે અનશન આદરે છે. દુનિયાની મોટામાં મોટી શહેનશાહતના સૂત્રધારો વિચારમાં પડે છે. ગાંધીજીને જેલમાંથી મુક્ત કરે છે. ફરી પકડે છે. વળી ફરી ઉપવાસ શરૂ થતાં છોડી દે છે. આખા દેશમાં જ્યાં જ્યાં ગાંધીજી જાય છે, ત્યાં ત્યાં જનસમુદ્રમાં ભરતીનું મોજું આવે છે. કોઈ તેમનો અતિ વિરોધી પણ જ્યારે તેમની સામે જાય છે ત્યારે એક વાર તો તે મનોમુગ્ધ થઈ ગર્વગલિત થઈ જાય છે—આ બધી વાસ્તવિક વસ્તુ છે, સ્વાભાવિક છે અને મનુષ્યબુદ્ધિગમ્ય છે. પરંતુ આ યુગમાં આ બધી વસ્તુને જો કોઈ દૈવી બનાવ તરીકે વર્ણવે તો તે વસ્તુને જેમ કોઈ બુદ્ધિમાન સાંભળે કે સ્વીકારે પણ નહિ તેમ આ યુગમાં તેની જે ખરી કિંમત અંકાય છે તે પણ ઊડી જાય. આ યુગબળનો એટલે વૈજ્ઞાનિક યુગનો પ્રભાવ છે. આ બળ પ્રાચીન કે મધ્યયુગમાં ન હતું. તેથી તેમાં આવી જ કોઈ સ્વાભાવિક વસ્તુને જ્યાં સુધી દૈવી પાસ કે ચમત્કારોનો પાસ લગાડવામાં ન આવે ત્યાં સુધી તે લોકોમાં પ્રચાર પામી શકે નહિ. બે યુગ વચ્ચેનું આ ચોખ્ખું અંતર છે, એ સમજીને જ આપણે પ્રાચીન અને મધ્યકાલીન યુગની વાર્તાઓ અને જીવનવૃત્તાન્તોનો વિચાર કરવો ઘટે છે.

ત્યારે હવે છેવટે સવાલ એ થાય છે કે એ શાસ્ત્રમાંની ચમત્કારી અને દૈવી ઘટનાઓને અત્યારે કેવા અર્થમાં સમજવી કે વાંચવી? જવાબ સ્પષ્ટ છે અને તે એ કે કોઈ પણ મહાન પુરુષના જીવનમાં સાચું અને માનવા જેવું તત્ત્વ તો 'શુદ્ધબુદ્ધિવાળો પુરુષાર્થ' એ હોય છે. આ તત્ત્વને લોકો સામે મૂકવા માટે શાસ્ત્રલેખકો વિવિધ કલ્પનાઓ પણ યોજે છે. ધર્મવીર મહાવીર હો કે કર્મવીર કૃષ્ણ, પણ એ બન્નેના જીવનમાંથી લોકોને શીખવવાનું તત્ત્વ તો એ જ હોય છે. ધર્મવીર મહાવીરના જીવનમાં એ પુરુષાર્થ અન્તર્મુખ થઈ આત્મશોધનનો માર્ગ લે છે અને પછી આત્મશોધન વખતે આવતા અંદર કે બહારના પ્રાકૃતિક ગમે તેવા ઉપસર્ગોને એ મહાન પુરુષ પોતાના આત્મબળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને દૃઢ નિશ્ચયથી જીતી લે છે, તેમ જ પોતાના ધ્યેયમાં આગળ વધે છે. આ વિજય કોઈ પણ સાધારણ માણસ માટે શક્ય નથી હોતો, તેથી તે વિજયને દૈવી વિજય તરીકે ઓળખાવવામાં કશી જ અતિશયોક્તિ નથી. કર્મવીર કૃષ્ણના જીવનમાં એ પુરુષાર્થ બહિર્મુખ થઈ લોકસંગ્રહ અને સામાજિક નિયમનને માર્ગે વળે છે. એ ધ્યેય સાધતાં જે દુશ્મનો કે વિરોધી વર્ગ તરફથી અડચણો ઊભી થાય છે તે બધી અડચણોને કર્મવીર જ્યારે પોતાનાં ધૈર્ય, બળ અને ચાતુરીથી દૂર કરી પોતાનું કાર્ય પાર પાડે છે, ત્યારે આ લૌકિક સિદ્ધિ સાધારણ લોકોને દૈવી અને અલૌકિક બની જાય એ સ્વાભાવિક છે. આ રીતે આપણે એ બન્ને મહાન પુરુષોનાં જીવનને, આરોપ દૂર કરી, વાંચીએ તો ઊલટી વધારે સહજતા અને સંગતતા દેખાય છે અને તેમનું વ્યક્તિત્વ વધારે માનનીય—ખાસ કરી આ યુગમાં—બને છે.

## ઉપસંહાર

કર્મવીર કૃષ્ણના સંપ્રદાયના ભક્તોને ધર્મવીર મહાવીરના આદર્શની ખૂબીઓ ગમે તેટલી દલીલોથી સમજાવવામાં આવે તોપણ તેઓને તે પૂરેપૂરી ભાગ્યે જ સમજાય. એ જ રીતે ધર્મવીર મહાવીરના સમ્પ્રદાયના અનુયાયીઓ કર્મવીર કૃષ્ણના જીવનના આદર્શની ખૂબીઓ બરાબર સમજે એવો પણ ભાગ્યે જ સંભવ છે. આ પ્રમાણે સામ્પ્રદાયિક માનસ અત્યારે ઘડાયેલું જોઈ એ છીએ ત્યારે અહીં જોવું એ પ્રાપ્ત થાય છે કે **શું** વસ્તુતઃ ધર્મ અને કર્મના આદર્શ વચ્ચે એવો કોઈ વિરોધ છે કે જેથી એક આદર્શના અનુયાયીઓને બીજો આદર્શ તદ્દન અગ્રાહ્ય લાગે?

વિચાર કરતાં દેખાય છે કે શુદ્ધ ધર્મ અને શુદ્ધ કર્મ એ બન્ને એક જ આચરણગત સત્યની જુદી જુદી બાજુઓ છે. એમાં ભેદ છે, પણ વિરોધ નથી.

દુન્યવી પ્રવૃત્તિ છોડવા સાથે ભોગવાસનામાંથી ચિત્તની નિવૃત્તિ સિદ્ધ કરી પછી એ નિવૃત્તિ દ્વારા જ લોકકલ્યાણ માટે પ્રયત્ન કરવો, એટલે કે જીવનધારણ માટે જરૂરી પણ લૌકિક એવી પ્રવૃત્તિઓની વ્યવસ્થાનો ભાર લોકો ઉપર જ છોડી દઈ માત્ર એ પ્રવૃત્તિમાંના ક્લેશકંકાસકારી અસંયમરૂપ વિષને જ નિવારવા લોકો સામે પોતાના સમગ્ર જીવન દ્વારા પદાર્થપાઠ રજૂ કરવો તે શુદ્ધ ધર્મ.

અને દુન્યવી બધી પ્રવૃત્તિમાં રહ્યા છતાં તેમાં નિષ્કામપણું કે નિર્લેપપણું કેળવી, તેવી પ્રવૃત્તિના સામંજસ્ય દ્વારા લોકોને યોગ્ય રસ્તે દોરવા પ્રયત્ન કરવો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે કે જીવન માટે અતિ આવશ્યક પ્રવૃત્તિઓમાં ડગલે ને પગલે આવતી અથડામણીઓ નિવારવા લોકો સામે પોતાના સમગ્ર જીવન દ્વારા લૌકિક પ્રવૃત્તિઓનો પણ નિર્લેપપણે પદાર્થપાઠ રજૂ કરવો તે શુદ્ધ કર્મ.

અહીં એક સત્ય તે લોકકલ્યાણની વૃત્તિ છે. તેને સિદ્ધ કરવાના બે માર્ગો તે ઉક્ત એક જ સત્યની ધર્મ અને કર્મરૂપ બે બાજુઓ છે. સાચા ધર્મમાં માત્ર નિવૃત્તિ નથી હોતી, પરંતુ એમાં પ્રવૃત્તિ પણ હોય છે. સાચા કર્મમાં માત્ર પ્રવૃત્તિ નથી હોતી, પરંતુ એમાં નિવૃત્તિ પણ હોય છે. બન્નેમાં બન્ને તત્ત્વો છતાં ગૌણમુખ્યપણાનું તેમ જ પ્રકૃતિભેદનું અંતર છે. તેથી એ બન્ને રીતે સ્વ તથા પરકલ્યાણરૂપ અખંડ સત્ય સાધ્યું શક્ય છે. આમ હોવા છતાં ધર્મ અને કર્મના નામે જુદા જુદા વિરોધી સમ્પ્રદાયો કેમ સ્થપાયા એ એક કોયડો છે; પણ આ સામ્પ્રદાયિક માનસનું જો આપણે વિશ્લેષણ કરીએ તો એ અકળ દેખાતો કોયડો આપોઆપ ઉકેલાઈ જાય છે.

સ્થૂળ અને સાધારણ લોકો કોઈ પણ આદર્શની ઉપાસના કરતા હોય છે ત્યારે સામાન્ય રીતે તેઓ એ આદર્શના એકાદ અંશને અથવા ઉપરના ખોળિયાને વળગી તેને જ પૂરો આદર્શ માની બેસે છે. આવી મનોદશા હોવાને લીધે ધર્મવીરના ઉપાસકો ધર્મનો અર્થ માત્ર નિવૃત્તિ સમજી તેની ઉપાસનામાં પડી ગયા અને પોતાના ચિત્તમાં પ્રવૃત્તિના સંસ્કારો પોષવા છતાં પ્રવૃત્તિ-અંશને વિરોધી સમજી પોતાના ધર્મરૂપ આદર્શમાંથી તેને અલગ રાખવાની ભાવના સેવવા લાગ્યા. બીજી બાજુ કર્મવીરના ભક્તો કર્મનો અર્થ માત્ર પ્રવૃત્તિ કરી તેને જ પોતાનો પૂરો આદર્શ માની બેઠા અને એ પ્રવૃત્તિ સાથે સાંકળવા જોઈતા નિવૃત્તિતત્ત્વને બાજુએ મૂકી માત્ર પ્રવૃત્તિને જ કર્મ માની બેઠા. આ રીતે ધર્મ અને કર્મ બન્ને આદર્શોના ઉપાસકો તદ્દન વિરોધી એવા સામસામેના છેડે જઈને બેઠા, અને પછી એકબીજાના આદર્શને અધૂરો કે અવ્યવહાર્ય કે હાનિકારક બતાવવા લાગ્યા. આ રીતે સામ્પ્રદાયિક માનસ એવું તો વિરુદ્ધ સંસ્કારોથી ઘડાઈ ગયું કે તેઓને માટે ધર્મ અને કર્મ એ એક જ સત્યની બે અવિરોધી બાજુઓ છે એ વસ્તુ સમજમાં આવવાનું અશક્ય બની ગયું અને પરિણામે આપણે ધર્મવીર મહાવીર અને કર્મવીર કૃષ્ણના પંથમાં પરસ્પર વિરોધ, અણગમો અને ઉદાસીનતા જોઈએ છીએ.

જો વિશ્વમાં સત્ય એક જ હોય અને તે સત્ય સિદ્ધ કરવાનો માર્ગ એક જ ન હોય તો ભિન્ન ભિન્ન માર્ગે એ સત્ય સુધી કેવી રીતે પહોંચી શકાય એ સમજવા માટે વિરોધી અને ભિન્ન ભિન્ન દેખાતા માર્ગોનો ઉદાર અને વ્યાપક

Jain Education International                For Private & Personal Use Only                www.jainelibrary.org

દૃષ્ટિએ સમન્વય કરવો એ કોઈ પણ ધાર્મિક અને પ્રતિભાશાળી પુરુષ માટે આવશ્યક કર્તવ્ય છે. અનેકાન્તવાદની ઉત્પત્તિ ખરી રીતે આવી જ વિશ્વવ્યાપી ભાવના અને દૃષ્ટિમાંથી થયેલી છે અને તેને એવી રીતે જ ઘટાવી શકાય.

આ સ્થળે એક ધર્મવીર અને એક કર્મવીરના જીવનની કેટલીક ઘટનાઓની સરખામણીના સાધારણ વિચારમાંથી જો આપણે ધર્મ અને કર્મ એ બન્નેના વ્યાપક અર્થનો વિચાર કરી શકીએ તો આ ચર્ચા શબ્દપટુ પંડિતોનો માત્ર વિનોદ ન બનતાં રાષ્ટ્ર અને વિશ્વની એકતામાં ઉપયોગી થશે.

—જૈનપ્રકાશ, ચૈત્ર ૧૯૯૦.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org